## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ડાઉટ ફૂલ બજેટ લાગે છે... આ લાકો કહે છે... કોઈ સીધા કરવેરા નથી નાખ્યા... તો ઊંધા તો નાખ્યા જ હશે...!!

### ગાંધીનગર સિવિલના નવા સંકુલમાં ફરિયાદોનો ધોધ.....

# આઠમા માળની ભીતોમાંથી પાણીની ધારો વહે છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવનિર્માણ પામેલ આઠ માળની બિલ્ડીંગની દિવાલોમાંથી ધીમી ધારે પાણીની ધારા વહે છે. પાણીની ધારા જોઈ દર્દી અને મુલાકાતીઓ પણ ચોંકી ઉઠે છે. સિવિલનું પીઆઈયુ વિભાગ આ પાણી કયાંથી આવે છે એ જોવાની તસ્દી સુધ્ધા હજુ સુધી લીધી નથી. પાણીનો કકળાટ કાયમ આઠમાં માળે જોવા મળે છે હવે નિવેડો કયારે આવશે એ જોવું રહ્યું....

ગાંધીનગર સિવિલમાં નિર્માણ પામેલી આઠમાળની ઈમારત કઈને કંઈ મુશ્કેલી સર્જાય છે. કરોડો રુપીયાના ખર્ચે તૈયાર થયેલી બિંલ્ડીંગમાં રોજ નવા ધાંધીયા બહાર આવે છે. આ બિલ્ડીંગમાં તાજેતરમાં જ લીફટમાં પાણી ફરી વળ્યા હતા જેને પગલે ત્રણ દિવસ સુધી લીફટ બંધ રાખવાની તંત્રને ફરજ પડી હતી.



ગટરો ઉભરાવાના ત્રાસને કારણે અસહ્ય દુર્ગંધ મારતા શૌચાલયો બંધ રાખવાની ફરજ પડે છે. ત્યારે આઠમાં માળે પાણી માટે સ્ટાફ અને દર્દીઓ પોંકાર પાડી રહ્યા છે ત્યારે બીજીબાજુ પાણી આવે ત્યારે ભીંત અને ફલોરીંગમાંથી ધીમીધારે પાણી વહે છે. જેનાથી સમગ્ર ફલોર પર પાણી ભરાયેલું રહે છે અને કર્મચારીઓને દર્દી તેમજ અન્ય કોઈ લપસી ના જાય માટે પાણી ઉલેચવું પડે છે. સિવિલના નવા બિલ્ડીંગમાં પ્રશ્નો સામે આવી રહ્યા છે ત્યારે પીઆઈયુ વિભાગ જાણે નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલના આઠમા માળે આવેલા શૌચાલયોમાં તો પાણી આવતું નથી અને આવે છે ત્યારે ભીતોમાંથી પાણી સતત વહી રહે છે જેને જોઈ ને દર્દી તેમજ મુલાકાતીઓમાં પણ અચરજ પામે છે. પાણી ઢોળાતુ અટકે તેવું મુલાકાતીઓ ઈચ્છી રહ્યા છે.

# શહેરમાંથી પસાર થતા વાહનોની સ્પીડ પર પણ પોલીસની નજર રહેશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં હેલ્મેટ-સીટબેલ્ટ પહેરાવવા કડક કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવ્યા બાદ હવે ગાંધીનગર પોલીસ વાહનોની ગતિ નિયંત્રણ પર નજર રાખવા વિશેષ મશીનની ખરીદી કરવા જઈ રહી છે. વિવિધ સર્કલો પર લગાડી શકાય તેવા પાંચ સ્પીડોમીટરની માંગણી કરતી દરખાસ્ત પોલીસે કરી છે. જે લગાડવામાં આવ્યા બાદ શહેરમાંથી પસાર થતા તમામ વાહનોની સ્પીડ જાણી શકાશે અને

**ચોકકસ સર્કલો પર લગાડવા માટે પાંચ સ્પીડોમીટરની માંગણી કરતી દરખાસ્ત કરાઈ**

ઓવરસ્પીડમાં જતા વાહનોના ચાલક સામે કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર પોલીસે માર્ગ અકસ્માતમાં થયેલ મૃત્યુઆંક ઘટાડવા હેલ્મેટ-સીટબેલ્ટ ફરજીયાત કરવા આદેશ કરી તે અંતર્ગત કડક કાર્યવાહી શરુ કરી છે તે ઉપરાંત વિશેષ સર્વે કરીને બમ્પ, કટ, ડીવાઈડર, ઝીબ્રા ક્રોસીંગ કરવા સહીતની આવશ્યક કાર્યવાહી પણ કરવામાં આવી છે. માર્ગ અકસ્માતમાં મૃત્યુનું બીજું મુખ્ય પરિબળ વાહનોની ઓવરસ્પીડ છે જેને ધ્યાને લઈને હવે શહેરમાંથી પસાર થતા વાહનોની ગતિ પર પોલીસની નજર રહે તે માટે સ્પીડોમીટર લગાડવાની વિચારણા તેજ બનાવી છે. પોલીસે શહેરના મુખ્ય પાંચ સર્કલો પર સ્પીડોમીટર લગાડી શકાય તે માટે પાંચ સ્પીડોમીટરની માંગણી પણ કરી છે. સ્પીડોમીટર મંજુર થયા બાદ ઓવર સ્પીડમાં જતા વાહનચાલકો પણ દંડથી બચી શકશે નહીં.



સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં જોરશોરથી સફાઈ ચાલી રહી છે. પરંતુ સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ ખાતે ગંદકીના ઢગ છે જે કોઈ સફાઈ કર્મચારી, અધિકારી કે વેપારીને દેખાતા જ નથી. કચરાપેટી મુકવામાં આવી છે છતાં કચરો તેમાં નાંખવાની પણ આળસ..! નગરના મુખ્ય શોપીંગ સેન્ટર જ્યાં કેટલીય ચહલપહલ રહેતી હોય છે ત્યાં જ 'સ્વચ્છતા અભિયાન'ની ઐસી કી તૈસી જોવા મળે છે. (તસવીર : કશ્યપ નીમાવત)



ગાંધીનગર સેક્ટર-૨માં રહેતા પટેલ પ્રવિણભાઈ કચરાભાઈનો વિદાય અને સત્કાર સમારંભ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે. ૧૭ ખાતે યોજવામાં આવ્યો હતો. સચિવાલયના વિભાગમાં ફરજ બજાવતા પટેલ પ્રવિણભાઈ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા હતા. વર્ક આસીસટન્ટ તરીકે નિવૃત્ત થતા સૌનો આભાર વ્યક્ત કર્યો. સૌ કર્મચારીઓએ શુભેચ્છાઓ આપી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

## રાજપૂત યુવાનો માટે ૬ઠ્ઠી માર્ચે સેમીનાર

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજે ગાંધીનગર દ્વારા તેમજ શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને અન્ય સંસ્થાઓના સહયોગથી આગામી નજીકના ભવિષ્યમાં પો.સબ. ઈન્સ./એ.એસ.આઈ. અને પોલીસ કોન્સ્ટેબલની ભરતી કરવામાં આવનાર છે. જેના માર્ગદર્શન વર્ગો ફીઝીકલ ટ્રેઈનીંગ ચાલુ કરવામાં આવનાર છે. જેના માટેનો સેમીનાર તા. ૬ઠ્ઠી માર્ચના સવારે ૧૦.૦૦ વાગ્યાથી સમાજ કાર્યાલય ખાતે યોજાશે. માહિતી માટે ૦૭૯-૨૩૨-૨૬૪૪૪ કાર્યાલયનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## લીંબડીયા કેનાલમાં કુદેલા યુવાનનો મૃતદેહ સાયફનથી મળ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક સ્થિત ડભોડા ગામમાં રહેતો ૩૬ વર્ષીય યુવાન લાપતા થઈ ગયા બાદ તેનું બાઈક ગઈ કાલે લીંબડીયા કેનાલ બહારથી મળી આવ્યું હતું. બે દિવસથી તેની શોધખોળ કેનાલમાં ચાલી રહી હતી. દરમિયાન આજે સાંજે કરાઈ સાયફન પાસેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ડભોડા ગામમાં રહેતા ૩૬ વર્ષીય પરિણીત યુવાન અલ્પેશ મફતભાઈ પરમાર બે દિવસથી ઘરેથી લાપતા હતો.

# પાટીદારો માટે જે કરાય તે તમામ બીન અનામત વર્ગો માટે કરાય : રાજપૂત સમાજ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકાર દ્વારા પાટીદાર અનામત આંદોલનના સમાધાનની ઘડીઓ ગણાઈ રહી છે. આ સમયે રાજપૂત સમાજ દ્વારા રાજ્ય સરકારને તેનુ વચન યાદ દેવડાવતા સમાધાનના પરિપાકરૂપે જે પણ નિર્ણય લેવાય તેમાં તમામ બિન અનામત જ્ઞાતિઓ અને સમાજોને સામેલ કરવા તાકીદ કરી છે. રાજપૂત સમાજની સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે અનામત વાટાઘાટો માટેની સમિતિના અધ્યક્ષ મંત્રી નિતિનભાઈ પટેલને પત્ર લખી પાટીદાર આગેવાનો સાથે સંપૂર્ણ વાટાઘાટો થઈ જાય પછી અન્ય સમાજના આગેવાનો સાથે પણ ચર્ચા કરવા તથા બધા માટે ખાસ કિસ્સામાં આર્થિક પછાતપણા માટે ૨૧ ટકા જેવી અનામત બધી જ જગ્યાએ જેવી કે શિક્ષણ, નોકરીની નિમણૂંક વગેરેમાં

**રાજ્ય સરકારે આપેલ વચન યાદ દેવડાવતા સમાધાનની ફોર્મ્યુલામાં અન્ય વર્ગોને ભૂલી નહી જવા રાજપૂત સમાજની તાકીદ**

કરવા યોગ્ય નીતિ જાહેર કરવા અનુરોધ કારાયો છે.

આ પ્રસંગે રાજ્ય સરકારને તા. ૧૯મી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ કરાયેલ રજૂઆત દરમ્યાન સરકારે 'દરેક જ્ઞાતિઓ-સમાજ માટે સરખુ કરીશુ'નું આપેલ વચન યાદ દેવડાવ્યુ છે. આ સાથે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જાહેરાત બાદ રાજ્યના હિતમાં સરકારની અપીલને માન્ય રાખી રાજપૂતસમાજ દ્વારા કોઈજ કાર્યક્રમ કરવામાં નથી આવ્યો તેમજ સરકારી કાર્યક્રમોમાં સંપૂર્ણ સહકાર પુરો પાડવામાં આવ્યો છે તે બાબતને ધ્યાનમાં લઈ બધાજ બીન અનામત વર્ગો માટે તમામ પ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈ ૨૧ ટકા અનામત જાહેર કરવા અનુરોધ કરાયો છે. આ સાથે સવર્ણો માટે અલગથી પાટીદારો જેવુ બીન અનામત વિકાસ નિગમ કે બોર્ડની રચના કરવા અને તમામ સવલતો-વ્યવસ્થામાં સરખાપણુ રાખવા રાજપૂત સમાજના પ્રમુખ કરણસિંહ વાઘેલા, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના પ્રમુખ રમજુભા જાડેજા અને ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ દ્વારા તાકીદ કરવામાં આવી છે. જો અન્ય સમાજોને સાથે રાખવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડતની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# મધુર ડેરીના ચેરમેન અને આચાર્ય ડૉ. શંકરસિંહ રાણા પુનઃ સેનેટમાં ચૂંટાયા

ગાંધીનગર, તા.૨૯

શાહ સી.કે. મ્યુનિસિપલ કોલેજના આચાર્ય ડૉ. શંકરસિંહ આર. રાણા તાજેતરમાં યોજવામાં આવેલ ગુજરાત યુનિવર્સિટીથી સેનેટ સભ્યોની ચૂંટણીમાં સમરસતાના માહોલ વચ્ચે આચાર્ય મંડળના સેનેટ વિભાગમાં સતત બીજીવાર ૨૦૧૬થી ૨૦૨૧ સુધી બિનહરીફ સેનેટ સભ્ય તરીકે વરણી પામ્યા છે.




ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુરડેરી)ના ચેરમેન તરીકે બીનહરીફ ચૂંટાયેલા છે. શ્રી શંકરસિંહ રાણા જેઓશ્રી શાહ સી.કે. મ્યુનિસિપલ કોલેજ, કલોલના આચાર્યશ્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



નર્મદા નિગમ મુખ્ય કચેરીમાં ફરજ બજાવતાં શ્રી જે. એસ. વ્યાસ અને શ્રી પરેશ બી. મિસ્ત્રી તથા શ્રીમતી યોગિનીબેન બી. વશી વયનિવૃત્તિ થતાં તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજાયેલ હતો. આ વિદાય સમારોહમાં વી. જે. સાવલિયા તથા અન્ય અધિકારીશ્રીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે તેમનું નિવૃત્ત જીવન તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મંથન ભટ્ટ, ભરતભાઈ પટેલ, જી. સી. દરજી, એ. જે. પટેલ, એચ. વી. સોની, મનોજ બેલાણી તથા અન્ય કર્મચારીગણ હાજર રહ્યા હતા.

# સેક્ટર-૨૬ ગ્રીનસીટીના પાણીના પડતર પ્રશ્ન માટે મુખ્યમંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૨૬ ગ્રીન સીટીના વસાહતી અને એ વિસ્તારના કોર્પોરેટરશ્રીઓ મારફતે ધારાસભ્યશ્રીને રજુઆત મળી હતી. ગ્રીનસીટીમાં વસતા વસાહતીઓના પાટનગર યોજના મારફતે પાણી આપવામાં આવે આ રજૂઆત મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન સુધી ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ ધારાસભ્ય (ઉ) ગાંધીનગર અને ધારાસભ્ય (દ) શંભુજી ઠાકોર આજરોજ મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ મળી મહાનગરના સેક્ટર-૨૬ના ગ્રીનસીટીના રહેવાસીઓની જે માંગણી હતી એની વિસ્તૃત ચર્ચા મુખ્યમંત્રીશ્રી સાથે કરી હતી અને મુખ્યમંત્રીશ્રીએ પણ આ માંગણીને ખુબ ઝડપથી ઉકેલવાની હૈયાધારણા પણ આપી હતી. આ વિસ્તાર જીઆઈડીસીનો એક ભાગ છે. અને એમાં આ વિસ્તાર એક રહેણાંક ઝોન તરીકે સેક્ટર-૨૬ કિસાન નગરને અડીને આવેલો ભાગ છે. અને આ પણ એક સેક્ટર-૨૬નો ભાગ છે. આ પ્લોટો ગ્રીનસીટી તરીકે ઓળખાય છે જે મહાનગરપાલિકાના નવા સિમાંકન પ્રમાણે વોર્ડ નં. ૧માં આનો સમાવેશ થયેલ છે. નજીકના સમયમાં ધારાસભ્યશ્રીએ જણાવ્યું છે કે આ વસાહતીઓને નજીકના સમયમાં ગાંધીનગરમાં જે પ્રમાણે જે પાણી આપવામાં આવે છે એ પાણી આ વસાહતીઓને આપવામાં આવશે. એવી વસાહતીઓનો ધારાસભ્યશ્રીએ હૈયાધારણા આપી હતી.

# વસાહત મંડળની વાર્ષિક બેઠકમાં શહેરના પ્રશ્નોને વાચા આપતા મંડળો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળની વાર્ષિક સભામાં સે-૧ થી ૩૦ તથા ગુડા વિસ્તારના પ્રતિનિધિશ્રીઓ ઉપરાંત જે છ ગામોની જમીન અ ાશહેરમાં સંપૂર્ણ ગયેલ છે તેવા ગમના પ્રતિનિધિશ્રીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ સાથે શહેરના પ્રાણ પ્રશ્નોની ચર્ચા વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરુણ બુચની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

સે-૭-ડીના શ્રી જે.જી. ભટ્ટ, શિવાભાઈ પટેલ સહીત શ્રી કે.પી. પરમાર, સે-૨૭ પ્રમુખશ્રીઓએ શહેરમાં બેફામ ફરતા ઢોર માટે ઢોરવાડો, શેરી કુતરાઓના ત્રાસમાં રાહત પહોંચાડવા તથા વાંદરાઓના ત્રાસથી બચાવવા ઠોસ કાર્યક્રમો હાથ ધરવા મહાનગરપાલિકાને અપીલ કરી હતી.

શ્રીમતી લતાબેન ચોકસી, બી.એ. શુકલ, હસમુખ ઠાકર, ભરત દીક્ષીત, અમરીષ ઓઝા સહીત સૌએ શેરી સફાઈની કામગીરી હજુ ઝડપથી હાથ ધરાતી ન હોવાથી તે કામ હાથ પર લેવા માંગણી કરી હતી.

શ્રી હસમુખ ઠાકર, નિલેન્દુ વોરા સહીત સૌએ જાહેર શૌચાલયનો અભાવ અને અવ્યવસ્થાને કારણે સ્માર્ટ સીટી તરફ આગળ વધવામાં અવરોધ આ બે મુદ્દા અંગે જરુરી વ્યવસ્થા કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી સૂર્યકાંત બારોટ તથા વરિષ્ઠ નાગરિકોએ આધારકાર્ડ મળે તે માટે સેકટરમાં વસાહત મંડળોનો સહકાર લઈ આધાર કાર્ડ આપવા અનુરોધ કર્યો હતો.

ન્યુ ગ્રીનસીટીના વસાહતીઓ વતી શ્રી સુનીલ શાહ, શૈલેષ પટેલે સમગ્ર રાજય કરતા વિશેષ પાણીવેરો ઉઘરાવી થતા અન્યાયને દુર કરી હવે ગાંધીનગરને મળતા પાણી પુરવઠામાંથી જ તેજ દરે પાણી પુરુ પાડવા માંગણી કરી હતી.

તેમજ વરસાદી તથા અન્ય પાણીના નિકાલની યોજનાનો જયાં અમલ નથી થયો ત્યાં અમલ કરવા અને કોમન પ્લોટોમાં ભરાતા પાણીનો નિકાલ કરવા પાટનગર યોજનાને વિનંતી કરી તેનો અમલ કરવા અપીલ કરવામાં આવી હતી.

# ગાંધીનગર સિવિલની સ્વચ્છતા-પાર્કિંગની સમસ્યા રોગી કલ્યાણ સમિતિમાં છવાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિની આજે મળેલ બેઠકમાં હોસ્પિટલની સ્વચ્છતા, પાણી પુરવઠો અને પાર્કિંગની સમસ્યાઓ છવાયેલા રહ્યા હતા.

એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવતી હોસ્પિટલમાં સ્વચ્છતા અંગે જેટલુ ધ્યાન સત્તાવાળાઓએ કેન્દ્રીત કરવુ જોઈએ તેટલુ નહિ કરાયુ હોવાની રજુઆત બિન-સરકારી સભ્યોએ કરી હતી.

આ ઉપરાંત સિવિલના નવા સંકુલમાં પાણી-પુરવઠો નિયમિત નહિ અપાતો હોવાના મુદ્દે પણ ઉગ્ર રજુઆતો સભ્યોએ કરી જણાવ્યુ હતુ કે તેની અસર સ્વચ્છતાના કાર્ય પર પણ પડી રહી છે. આ પ્રકારની અનિયમિતતાઓ વધુ સમય સુધી સાંખી શકાય નહિ. આ માટે જવાબદારો સામે પગલાં ભરવાનો આગ્રહ પણ સભ્યોએ કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આજની બેઠકમાં સિવિલ કેમ્પસમાં આડેધડ પાર્કિંગને કારણે ઉભી થતી સમસ્યાનો મુદ્દો પણ ચમક્યો હતો. સિવિલના સ્ટાફ માટે અલાયદી પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરી અને પબ્લીક પાર્કિંગની પણ અસરકારક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવો સ્પષ્ટ મત સભ્યોએ વ્યક્ત કર્યો હતો.

રોગી કલ્યાણ સમિતિની એક કલાકથી પણ વધુ સમય સુધી ચાલેલી બેઠકમાં જે રીતે સ્વચ્છતા-પાર્કિંગ અને પાણી પુરવઠાના પ્રશ્નો પર રજુઆત થઈ છે તે જોતાં આગામી દિવસોમાં સિવિલ સત્તાવાળાઓ દ્વારા શુ પગલાં લેવાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.